સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

દંભ-પ્રચાર પરપોટા ફૂટતાં વાર થાય છે!
અંતે તો સત્ય જ જીતે, અસત્યની હાર થાય છે!
ઠાર થાય લોકશાહી, બહુમતિની બેનાળીથી -
'સત્તાના' સ્વાર્થી નિર્ણયો સુપ્રીમનો માર ખાય છે.

તમાચો ખાઈ, ધર્યો છે બીજો ગાલ - કરી અપીલ!
કરે ખાલસા! આ છોટે સરદાર - દેશનાં રાજયો...
(ઉત્તરાખંડ - કેન્દ્ર અપીલમાં)(એકે સંગઠિત કર્યા...)

હાઈકુ

ચિંતન

વિષય ત્યાગ વૈરાગ હૈ, સમતા કહીયે જ્ઞાન,
સુખદાયી સબ જીવ સોં, યહી ભક્તિ પરમાણ.

પાંચ ઈન્દ્રિયોમાં અલગ-અલગ પ્રકારની આસક્તિ છે. સ્વાદ, ગંધ, સ્પર્શ, શ્રવણ, અદૃશ્ય દ્વારા આસક્તિ પાગરે છે. વૈરાગ્ય અને જ્ઞાનની વ્યાખ્યા કરતાં કબીર કહે છે, વિષયોનો ત્યાગ કરીએ તો જ વૈરાગ્ય થાય. 'નિરાહારી દેહીના વિષયો ટળે છતાં, રસ રહી જતો તેમાં, જે ટળે દેખતા પર' આ ગીત-વાક્ય સાર્થક છે. વૈરાગ્ય સ્મશાનમાંથી થતી ગ્લાનિમાંથી ક્ષણિકરુપે થયો હોય અને સમજણથી દૃઢપણે અનાસક્ત થયેલ વ્યક્તિમાં ફેર છે. તે જ રીતે જ્ઞાન એ શબ્દો કે પોથીઓમાં નથી. જ્ઞાન તો મનની સમતા છે. જે સંસારમાં સાર નથી જોતો તે સાક્ષીભાવે કર્તવ્ય બજાવી તેનું ફળ કૃષ્ણાર્પણ કરી બંધનમુક્ત રહે છે. આવી વ્યક્તિ 'વિષય તજો - પ્રભુ ને ભજો' સૂત્ર અપનાવે છે. તે સાચો ભક્ત છે. પહેલાં સાચું સમજો પછી ભાવથી ભજો તો જ મુક્તિ છે. આ વિશ્વમાં સ્પર્ધાનું, સંપત્તિનું અને સત્તાનું મહત્ત્વ છે પણ હવે એવો સમય આવ્યો છે કે એકબીજાના સુખે સુખી અને દુઃખે દુઃખી થઈએ તે શાશ્વત સુખશાંતિ પામીશું.

સુવિચાર

- ગંભીર ન હોય એવી વિદ્યા, લોભિયાનું ધન અને ડરપોકનું બાહુબળ સંસારમાં આ ત્રણેય નકામા - **અમૃતબિંદુ**
- સંપત્તિ મહાન લોકોને અને આપત્તિ પણ મહાન લોકોને, વૃદ્ધિ અને ક્ષય ચંદ્રને હોય, તારાઓને ક્યારેય નહીં - **ડો. રશ્મિકાન્ત મહેતા**
- સમયને બરબાદ કરો, બીજું બધું આપોઆપ બરબાદ થઈ જશે - **રતિલાલ 'અનિલ'**
- હૃદયની ડિસ્ક પર ઈન્સ્ટોલ થયેલ સદ્‌ગુણોનો સમૂહ એટલે ચારિત્ર્ય - **સંતોષ દેવકર**
- આપણી અંદર કંઈક દિવ્યતા ના હોત તો આપણી માનવતા કંગાલ હોત - **સંત રોબિન**
- હું મારી ઈચ્છાઓને સંતોષવાના પ્રયાસો કરવાં કરતાં એને મર્યાદિત કરવામાં સુખ શોધવાનું શીખ્યોછું - **સ્ટુઅર્ટ મીલ**
- આજનું ઔષધ : દમ અને ખાંસીની તકલીફમાં આદુનો રસ દસ ગ્રામ તથા મધ દસ ગ્રામ નવશેકુ ગરમ કરી દિવસમાં બે વાર પીવાથી તરત રાહત થાય છે **(સંકલન : દિપક વી. આસરા)**

બોધકથા

ઉદ્યોગપતિ તરીકે સફળ થવું હોય તો મૂલ્યો અને સિદ્ધાંત સાથે કદી પણ બાંધછોડ થાય નહીં તો જ નામના અને કીર્તિ પણ આપોઆપ મળે છે.

મૂળ કચ્છ કેરાના વતની, ખોજા મુસ્લિમ અજીમ પ્રેમજી અત્યારે વિપ્રોના ચેરમેન છે. મોટા ઉદ્યોગપતિ તરીકે એમની નામના છે.

વિપ્રો કંપનીનો માલ વિદેશથી આવ્યો હતો. ફેબ્રુઆરીના અંતિમ દિવસો હતા. જે માલ આવ્યો હતો તેના પર આવનાર બજેટમાં ડ્યુટી-કરવેરામાં ખૂબ વધારો થવાનો હતો. કંપનીને લાખોનો ખર્ચ વધી જવાનો હતો. કસ્ટમ અધિકારીઓએ 'ગોઠવણ' નો પ્રસ્તાવ મૂક્યો. વિપ્રોના મેનેજરે ચેરમેનને વાત કરી. 'ગોઠવણ' બજેટ પહેલાં કસ્મટ ક્લીયરન્સ માટેની હતી. રકમ નાની પણ અઝીમ પ્રેમજીએ કહ્યું, માલ ક્લીયર ન થાય તો કંઈ નહીં વધારે ડ્યુટી ભરશું પણ આપણાં મૂલ્યો અને સિદ્ધાંત સાથે તો કદી પણ સોદાબાજી નહીં થાય.

અંતે માલ બજેટ પછી જ રીલીઝ થયો અને વધારાની ડ્યુટી ભરી.

પાટનગરની પ્રતિષ્ઠાને અનુરૂપ ઉમેદવારોને ચૂંટીએ

તંત્રીસ્થાનેથી...

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીનું આ બીજું પર્વ છે. એ દૃષ્ટિએ જોતાં મહાનગરપાલિકા હજી બાળવયમાં જ ગણાય. વર્ષો સુધી નોટીફાઈટ એરિયા તરીકે સીધું રાજય સરકારના નિયંત્રણ હેઠળ રહેતું આવેલું પાટનગર સ્થાનિક સ્વરાજ માટે લાંબી લડત ચલાવ્યા પછી મહાનગર પાલિકા મેળવી શક્યું છે, તે ભૂલવું ન જોઈએ. આ લડતના આદ્યપ્રણેતા અને પાટનગરની જાગૃત નાગરિક પરિષદના સ્થાપક પ્રમુખ પ્રેમશંકર ભટ્ટનું સ્મરણ પણ કરવું જોઈએ. ખરેખર તો મહાનગર પાલિકા મેળવવા માટે એક વખતના ગૃહસચિવને સીધી સરકાર સામે જ અદાલતી લડત આપવી પડેલી. પરંતુ આજે પણ નગરમાં એવો એક વર્ગ છે જેને નગર સીધેસીધું રાજય સરકારના નિયંત્રણમાં રહે એવી પૂર્વસ્થિતિ બહાલ કરવામાં શ્રેય વરતાય છે. મહાનગર પાલિકાના પહેલા જ તબક્કામાં ચૂંટણી થયા પછી અને કોંગ્રેસની બોડી રચાયા પછી જે તોડફોડ અને તડજોડનું રાજકારણ ચાલ્યું એથી નગરના પ્રબુદ્ધ નાગરિકોમાં બેઉ મુખ્ય પ્રતિસ્પર્ધી પક્ષો વિશે વધતા ઓછા પ્રમાણમાં અવિશ્વાસની લાગણી પ્રવર્તે છે. લોકશાહીમાં સત્તા ખાતર આયાપાછીનો રાજકારણીઓને જન્મસિદ્ધ અધિકાર મળી ગયો હોય એમ મતદાર પ્રજા સાથે દગો કરતાં એમને કોઈની શેહશરમ નડતી નથી. આથી મૂંઝાયેલો મતદાર કોઈ ત્રીજો વિકલ્પ શોધે કે પછી 'નન ઑફ ધિ ઍબાઉ' નું 'નૉટા' બટન દબાવી પોતાનો આક્રોશ પ્રગટ કરે તો પણ કશો ફરક પડશે ખરો? બેઉ મુખ્ય રાજકીય પક્ષો માટે પાટનગરની મહાનગર પાલિકા કબજે કરવી તે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહેલ છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તો નિખાલસતાપૂર્વક કબૂલ કર્યું છે કે ભારતીય જનતા પાર્ટીને ગાંધીનગરમાં વારંવાર હાર ખમવી પડી છે તે પરિસ્થિતિ બદલવી પડશે. ટૂંકમાં રાજય સરકાર પોતે ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં ખૂબ ઊંડો રસ લઈ એના પર શાસક પક્ષનો કબજો થાય એવા પ્રયાસ કરી રહી છે. જાહેર ખબરોમાં વડાપ્રધાન અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની તસવીરો છપાય છે. સામે પક્ષે જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં ડંકો વગાડનાર કોંગ્રેસ રાજયની મહાનગર પાલિકાઓમાં સત્તા હાંસલ કરવામાં નિષ્ફળ નીવડી છે ત્યારે પ્રથમ ચૂંટણીમાં મેળવેલ વિજયની જેમ પાટનગરની મનપાની બીજી ચૂંટણીમાં પણ ઝળહળતી ફતેહ મેળવવા ભારે જહેમત ઊઠાવી રહી છે. ગાંધીનગર પ્રબુદ્ધ મતદારો ધરાવતું પાટનગર છે. આ વખતે પચાસ ટકા મહિલા પ્રતિનિધિત્વને કારણે પણ મતદાન ઉત્સાહપૂર્વક થવાની શક્યતા છે. ઉમેદવારો પૈકી કેટલાક તો વરિષ્ઠ નિવૃત્ત સરકારી અધિકારીઓ છે. ગાંધીનગરની ગરિમાને શોભે એવા સુયોગ્ય ઉમેદવારોને ચૂંટીને પાટનગરના પ્રબુદ્ધ મતદારો એમની કોઠાસૂઝનો પરિચય કરાવશે એવી અપેક્ષા અસ્થાને નથી...

વનસ્પતિ પીણાઓ - કુદરતની ઉત્તમ ભેટ

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

માનવીની મુખ્ય જરૂરિયાતો રોટી, કપડા, મકાન એ વનસ્પતિ સૃષ્ટિથી મહત્તમ સંતોષાય છે. આપણાં મોજશોખને પણ વનસ્પતિ પોષે છે. વનસ્પતિના મૂળ, છાલ, પર્ણો, ફુલ, ફળ, બીજમાંથી તેલ, મસાલા, ઉપરાંત સ્કવૉશ, જામ, જેલી, માર્મલેડ, મુરબ્બા, અથાણાં, ચટણી, છુંદા, સોસ, કેચપ, વિનેગાર જેવી વિવિધ ખાદ્ય ઉપયોગીતાઓ પ્રાપ્ત થાય છે. આ બધામાં વિવિધ રંગો, સ્વાદ સોડમ અને ઓષધીય લાભો પણ મળે છે.

વનસ્પતિના ભાગોમાંથી મળતાં કે તૈયાર કરી શકાતાં પીણાઓની વાત કરીએ તો તેમાં ઠંડા અને ગરમ ઉપરાંત નશાકારક (આલ્કોહોલિક) અને બિન-નશાકારક (બિન આલ્કોહોલિક) એમ ભાગ પાડી શકાય. ગરમ પીણાઓમાં ખાસ એવા ચા, કોફી અને ઉકાળા મુકી શકાય. કેમેલીયા સાઈનેસીસ (Camellia sinensis) ચાનું બોટોનીકલ નામ છે. આ છોડના પર્ણઓમાંથી આપણી ચા તૈયાર થાય છે. જયારે કોફી અરેબીકા (Coffee arabica) ના બીજમાંથી આપણો કોફી પાવડર બને છે. થીઓબ્રોમા કાકો (Theobroma Cacao) પશ્ચિમ આફ્રિકા અને બ્રાઝિલમાં થતી આ વનસ્પતિના બીજમાંથી ચોકલેટ બને છે. કોકા (Kola કે cola) તેની ફલૅવર (સુગંધ) છે તેમાં કેફીન નામનું નશાકારક તત્ત્વ હોય છે.

આપણે ત્યાં ફળો, ફુલ કે બીજમાંથી વિવિધ શરબત બનતાં હોય છે. જેમાં લીંબુ, મોસંબી, ઓરેન્જ, ચેરી,સફરજન, નારંગી, કાચી-પાકી ચેરી, લીલી-કાળી દ્રાક્ષ, ફાલસા, તરબૂચ, જામફળ અને અનાનાસ, કેળા જેવા ફળો વપરાય છે. જયારે આદુ, બીટરુપ બે મૂળ ભાગ છે. ગુલાબના પર્ણો ખસ, વરિયાળી, તકમરીયા, બદામ વગેરે બીજ ભાગ છે. 'તકમરીયા' ને આવચી-બાવચી પણ કહે છે આ છોડ તુલસી-ડમરાના કુટુંબનો છે તેમાંથી 'ફાલુદા' નામનું ઠંડક આપતું સ્વાદિષ્ટ શરબત તૈયાર થાય છે. બીલી વૃક્ષના ફળ બીલાનું શરબત પણ કેટલાક જાણકાર લોકો બનાવતાં હોય છે.

વનસ્પતિમાંથી નશાકારક (આલ્કોહોલિક પીણા મુખ્યત્વે બે રીતે તૈયાર થાય છે. અડધો સડાવીને, આથો લાવીને કે ફણગાવી ને જેને ફર્મેન્ટેશન અને માલ્ટ (Malt) પણ કહે છે. બીજી પદ્ધતિમાં ઉકાળીને વરાળને ઠંડી પાડીને જેને ડીસ્ટીલ્ડ (Distilled) કહે છે. આપણાં આયુર્વેદમાં કાઢો, ઉકાળો, હિમ, આસવ, અરિષ્ટ અને સરકા પદ્ધતિથી ઔષધી બનાવાય છે. તેમા પાણીને ઉકાળ્યા વગર ઠંડા પાણીમાં ઔષધ મેળવીને મો બંધ કરેલા વાસણમાં જરૂરિયાત મુજબ એક થી બે માસ સુધી ભરી રાખવાથી આસવ તૈયાર કરવાની રીત દર્શાવેલ છે.

જવ અને ઘઉંના બીજને ફળગાવીને તેમાં આથો લાવીને આલ્કોહોલિક પણું 'બીયર' જવસુરા તૈયાર કરવામાં આવે છે. જયારે ફળ કે વનસ્પતિના અન્ય રસોને ઉકાળ્યા વગર બનતું આલ્કોહોલિક પીણું 'વાઈન' તૈયાર થાય છે. સફરજનના રસમાંથી 'સીડાર' (Cidar) તૈયાર થાય છે. અનાજ જેવા કે જવ, ચોખા, મકાઈ, ઘઉં વગેરેમાં આથો લાવીને આલ્કોહોલિક પીણા તૈયાર થાય છે.

શેરડી એક ઘાસ વર્ગની વનસ્પતિ છે. તેના સાંઠામાંથી મધુર શેરડીનો રદ છે જે ખુબ જ લોકપ્રિય છે. શેરડીમાંથી બનતી ખાંડ અને ગોળ ઘણાં બધા પીણામાં મીઠાશ માટે બહુઉપયોગી ગણાય છે. શેરડીમાંથી બનતાં ગોળમાંથી પણ શરાબ બને છે જેને 'મોલાસીસ' માંથી બનતો શરાબ કહે છે જે ખુબ જ મોટા જથ્થામાં ઉત્પાદિત કરવામાં આવે છે. પામ કુળના તાડ, ખજૂરી, નાળિયેરી તથા અન્યના થડમાંથી ઝરતાં રસને ઝાડ પર માટીના હાંડીમાં એકત્ર કરવામાં આવે છે. આ મધુર રસ ગોળ બનાવવા ઉપરાંત નશાકારક પીણાઓ બનાવવામાં આવે છે. તાડનો રસ આતો ચઢ્યા વગર 'નીરો' તરીકે ઓળખાય છે. જે બિનનશાકારક અને સ્વાસ્થ્યપ્રદ હોય છે. વહેલી સવારે તાડનો રસ 'નીરો' બપોરે સૂર્ય ચઢતા સુધીમાં 'તાડી' બને છે જે નશાકારક બની જાય છે.

મહુડા વૃક્ષના ફુલને સુકવીને તેમાંથી બનતો 'મહુડાનો દારૂ' આપણાં ગ્રામ્ય વિસ્તારોમાં બહુ પ્રચલિત છે. મહુડાનો દારૂ પ્રમાણસર લેવાય તો આરોગ્યપ્રદ બને છે. કાજુના વૃક્ષના ફળમાંથી બનતો ગોવા વિસ્તારનો પ્રખ્યાત દારૂ 'ફેની' નામે જાણીતો છે. પાઈનેપલ, સકરકંદ અને થોરની વિવિધ જાતોમાંથી પણ દારૂ બનાવવમાં આવે છે.

હજજારો વર્ષોથી માનવ ઉત્ક્રાંતિમાં વનસ્પતિ આપણાં સ્વાદ, સુગંધ, રૂપ-રંગ, મોજશોખ, આરોગ્ય એમ પ્રત્યેક ક્ષેત્રે જોડાઈ ગયેલ છે. વનસ્પતિ વગર માનવ જીવન સુખમય, સગવડપ્રદ, આરોગ્યપ્રદ કે આનંદમય કેવી રીતે સંભવ છે? તે વિચારવું રહ્યું.

'શક્તિ' અને સુસાઈડસ...!!!

રજળપાટ
અજય ઉપાધ્યાય

આજકાલ દેશના ઘણા બધા ક્ષેત્રોમાં દુષ્કાળ ડોકાય રહ્યો છે અને એને લીધે ખેડૂતોમાં આત્મહત્યાનું પ્રમાણ વધી રહ્યું છે અને આમ પણ દેશમાં દર વર્ષે અતિવૃષ્ટિ કે પછી દુષ્કાળને લીધે પાક નિષ્ફળ જવાથી આત્મહત્યા કરવામાં ખેડૂતોનું પ્રમાણ વધુ જ હોય છે પણ તમને જાણીને નવાઈ લાગશે કે દેશમાં ખેડૂતો કરતા પણ જો કોઈ સૌથી વધુ આત્મહત્યા કરતું હોય તો એ છે ગૃહિણીઓ..! યસ, દિવ્યા ભારતી, પરવીન બાબી, સિલ્ક સ્મિતા કે હજુ હમણાં જ પંખે લટકી ગયેલી 'આનંદી' પ્રત્યુશા બેનરજીના આપઘાતના સમાચારો છાપા અને ચેનલોવાળા મીઠું અને મરચું ઉમેરીને ચોવીસે કલાક ચલાવ્યા કરે છે પણ હકીકત એ છે કે ખેડૂતો, વિદ્યાથીઓ અને ખાસ તો ગૃહિણીઓમાં વધતી જતી આપઘાતની માત્રા વિષે આ જ સમાચારગૃહો મૌન છે, જડબેસલાક મૌન..!!!

'લાઈફ ઈઝ બ્યુટીફૂલ' જીવન સુંદર છે, ભગવાને આપેલી અનમોલ બક્ષીસ છે... બ્લા બ્લા બોલતી લખતી કે વાંચતી વખતે એ જ જીવનને અધવચ્ચે ટૂંકાવનારાઓ વિષે ક્યાં કોઈને ખરી, વિચારવા જેવી કે પછી મૂળ સુધી પહોચી શકાય એવી માહિતીઓ હોય છે? અને એમાયે આ તો ગૃહિણી કે જેનું આપણા સામાજિક તાણાવાણા માં અગત્યનું અને ચાવીરૂપ સ્થાન છે એની વાત છે. આપણી સમાજ વ્યવસ્થા ભલે પુરુષ પ્રધાન હોય પણ કુટુંબ કે ઘરની પ્રધાન તો ગૃહિણી જ રહેવાની. અને અમથાય આ એ દેશ છે કે જે સ્ત્રીને શક્તિ રૂપે પૂજે છે, માને છે એવા ભારત દેશમાં વધી રહેલા ગૃહિણી કે યુવતીઓના આપઘાતના બનાવોના આંકડાઓ એ વિચારવા મજબૂર કરે છે કે મોતના આ શોર્ટકટ તરફ લઈ જતું પરીબળ આખરે છે શું? કયું છે? અને ખાસ તો એ છે તો કેમ છે ? વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના એક તાજ્જા જ રીપોર્ટ મુજબ દુનિયામાં આપઘાત કરનારાઓની સંખ્યામાં ભારત અવ્વલ છે. આ નમ્બર વનમાં બિલકુલ હરખાવા જેવું નથી જ...!!!

બીબીસીનો હમણાં જ પ્રકાશિત થયેલો એક સર્વે જણાવે છે કે સાલ ૨૦૧૪મા ૨૦૦૦૦થી વધુ ગૃહિણીઓએ આત્મહત્યા કરી જયારે એ જ વર્ષમાં આપઘાત કરીને મરી જનાર ખેડૂતોની સંખ્યા હતી ૫૬૫૦, મતલબ કે કીસાનોથી ચાર ગણી વધુ ઘરની લક્ષ્મી અકાળે મોતને ભેટી. એનો મતલબ એવો નથી કે કિસાનોની આત્મહત્યા ગૌણ મુદ્દો બની જાય છે પણ ગૃહિણીઓની આ હારીકીરીની નોંધ ફ્રન્ટ પેજ પર નહિ પણ ક્યાંક અંદરના પાને કે પછી ટીવીમાં કાઈમ શો સિવાય ક્યાય પણ લેવાઈ નહિ હોય એ ચોક્કસ છે. ૧૯૯૭થી લગાતાર આ આંકડો ૨૦૦૦૦ આસપાસ હોય છે ઈનફેક્ટ ૨૦૦૯મા તો એ ૨૫૦૦૦ને પાર પહોચી ગયેલો. દુનિયાના લગભગ દરેક દેશોની જેમ જ ભારતમાં પણ આપઘાતના બનાવોમાં ભોગ બનનાર મોટાભાગના યુવાનો કે પછી વિદ્યાથીઓ જ હોય છે. રાષ્ટ્રીય અપરાધ બ્યુરો ના લેટેસ્ટ રીપોર્ટ મુજબ ૨૦૧૪મા દર કલાકે અંદાજે ૧૫ લોકોએ એક યા બીજા કારણોસર આત્મહત્યા કરી લીધી મતલબ આખા વર્ષમાં અંદાજે દોઢ લાખ લોકો આ અકુદરતી મોતને ભેટ્યા એમાંથી ૪૧% કમભાગી એવા હતા કે જેમની ઉમ્ર ૧૪ થી ૩૦ વર્ષ વચ્ચે હતી મીન્સ આ ૪૧% યુવાનો હતા અને એમાંથી ૬% જેવા વિદ્યાથીઓ હતા. ચોકાવનારી વાત હવે આવે છે કે આપઘાતના કુલ બનાવોમાં મરનાર પુરુષો કરતા સ્ત્રીઓની સંખ્યા ક્યાય વધુ હતી.આગળ લખ્યું એમ ૪૧% યુવાનો ૧૪ થી ૩૦ની ઉમર વચ્ચેના હતા તો એ જ ઉમરના રેશિયોમાં આપઘાત કરનાર યુવતીઓની ટકાવારી હતી ૫૨% ...! બેટી બચાઓની સરકારી ઝુંબેશો વચ્ચે આવી અનેકો બેટીઓ અકુદરતી મોતને ભેટે છે એ પણ કડવું સત્ય જ છે.

ફરી ગૃહિણીઓના મુદ્દા પર આવીએ તો યુનીવસીટી ઓફ એડીલેડના પ્રોફેસર પીટર મેયરે ભારતમાં વધતી ગૃહિણીઓની આપઘાતની સંખ્યા પર વ્યાપક સંશોધન કર્યું. એમના કહેવા મુજબ પશ્ચિમી સમાજ અને ખાસ કરીને ઓસ્ટ્રેલીયા કે અમેરિકામાં આપઘાત કરનારાઓમાં પરિણીત લોકોની સંખ્યા અપરણિત કરતા ઓછી હતી જયારે ભારતમાં આનથી ઉલટું જોવા મળ્યું. આપઘાત કરનારાઓમાં ૭૦% પરણેલા હતા. કેરળ,આંધ્ર અને તામિલનાડુ જેવા રાજ્યો કે જ્યાં સયુક્ત નહિ પણ બે માણસના પરિવારનું ચલણ વધુ અમલમાં છે ત્યાં પરણીતોમા આપઘાતનું પ્રમાણ વધુ હતું અને જ્યાં હજુ સંયુક્ત પરિવારનું ચલણ વધુ છે ત્યાં ઓછું. ગૃહિણીઓમાં આપઘાતના વધતા પ્રમાણનું એક કારણ લૈંગિક ભેદભાવ પણ છે. ભણેલી વહુ અને ઓછું ભણેલી સાસુ કે પછી માતા-પિતા સાથેના અણબનાવો તેમજ અનિચ્છાએ થતા એરેન્જ મેરેજ પણ મહત્વનું કારણ છે. સ્ત્રીના પોતાના પણ સપના હોય છે - આગળ વધવાના, પ્રગતી કરવાના જેને ક્યા તો પતિ તરફથી અથવા તો માતા-પિતા તરફથી સહકાર ન મળવાથી ગૃહિણી એક મુશ્કેલ સામાજિક બંધનોમાં બંધાઈ જાય છે અને સર્જાય છે એક ડીપ્રેશન - સપના પુરા નહિ થઈ શકવાનું, કુટુંબમાં કોઈ સમજતું નથી એવી ભાવનાનું...જેમાંથી છૂટવાના પ્રયત્નો વિફળ જાય ત્યારે હાથવગો એક જ ઉપાય રહે છે અને એ હોય છે આપઘાત...! ભલે દરેક બનાવોમાં ના હોય પણ લગભગ વખતે છૂપું કારણ તો આ કુટુંબ કે સમાજના અસહકારના ડિપ્રેશનનું જ હોય છે.

ભારતમાં દર એક લાખે ૧૧ થી વધુ ગૃહિણીઓ આપઘાત કરે છે, આ રેશિયો ભારતમાં થતી સરેરાશ આત્મહત્યા દર થી ઘણો વધુ છે. જો કે ૨૦૧૧ માં આ દર ૨૦ જેટલો ઉંચો પણ નોંધાયેલો અને આ ઉંચો દર નોંધાયેલો એ રાજ્યો માં મહારષ્ટ્ર, તામીલનાડુ, ગોવા, પોંડેચરીની સાથે સાથે ગુજરાતનું નામ પણ હતું. ઓછા દરવાળા રાજ્યોમાં પંજાબ, યુપી અને બિહાર હતા. અગેન આગળ લખ્યું એ સયુક્ત પરિવારવાળું લોજીક અહી યાદ કરીએ તો આ ત્રણેય રાજ્યો હજુ પણ સંયુક્ત કુટુંબની ભાવના જાળવી રાખનારા રાજ્યો છે એમ કહી શકાય. પંજાબ અને યુપી તો એમના બહુસંખ્યક સભ્યો ધરાવતા કુટુંબો માટે ઓળખાય છે જ. મોટાભાગે અને જો ભૂલેચૂકે છાપા કે મેગેજીનો કે ટીવીની ચેનલોમાં ગૃહિણી કે સ્ત્રીની આત્મહત્યાના સમાચારો સુર્ખિયા બને તો આખીયે સ્ટોરીનું સમાપન એ જ વાતથી આવે કે ક્યા તો દહેજનો રાક્ષસ ભરખી ગયો ક્યા તો આડાસંબંધોનો એરુ. પણ લૈંગિક ભેદભાવ કે પછી વૈચારિક ટકરાવ અને કૌટુમ્બીક અસહકાર જેવા મહત્વના મુદ્દાઓ પર જાણીજોઈને આખમીચામણા કરી દેવામાં આવતા હોય છે. સ્ત્રીઓની પુરુષ સમોવડી થવાની ઝંખના અને બદલાયેલા સમયમાં એને હકીકતમાં પલટાવી દેનારી અનેકો સ્ત્રીઓના દાખલોથી પ્રેરાઈને એ પણ મુક્ત ગગનમાં ઉડીને પોતાની પહેચાન સ્થાપવા ઈચ્છે છે પણ આગળ કહ્યું એમ વૈચારિક અને કૌટુમ્બીક અસહકારના ચક્વ્યુહમાં ઘણીવાર એ સફળ નથી થઈ શક્તિ એવામાં નાસીપાસ અને નિરાશ થવા સિવાય કોઈ આરો બચતો નથી જેનું અન્ત્યાધિક પગલું એટલે આપઘાત..!!!

બાળલગ્ન, સામાજિક ભેદભાવો, દહેજ, લૈંગિક સરખામણી, સ્ત્રી

અનુસંધાન પાના નં. ૭ પર

મારી ડાયરીના બે પૃષ્ઠો : હું, કબૂતર,મારું ઘર, ચીં ચીં ચીં અને ઘૂ ઘૂ ઘૂ ઘૂ...

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

સોમવાર, જેવી રીતે માણસોની એક અલગ સૃષ્ટિ હોય છે એમ પક્ષીઓની પણ અલગ દુનિયા હોય છે. અને આપણી જેમ એમના પણ એકબીજા સાથેના વ્યવહારો હોય છે. સંબંધો હોય છે. એને તેઓ નિભાવતા પણ હોય છે. આપણી જેમ તેઓને પણ હદય હોય છે. લાગણી હોય છે. આમ છતાંય આપણે માનીએ છીએ કે પક્ષીઓમાં બુદ્ધિ નથી હોતી ? પણ એ ખરેખર આપણો ભ્રમ છે. માણસને ઓળખવાની શક્તિ ઈશ્વરે પક્ષીઓને પણ આપી છે.. ઘણી વખત માણસ માણસને નથી ઓળખી શકતો પણ પક્ષીઓ માણસને ઓળખી જાય છે. અમારા ફ્લેટના સેકન્ડ ફ્લોર પરના મારા મકાનમાં શરૂઆતથી જ બે કબૂતર આવે, શરૂઆત એમણે મારાથી કરી, સવારે હું ગેલેરીનું બારણું ખોલું કે તરત એક કબૂતર બેઠક રૂમમાં પ્રવેશે અને ઘૂ ઘૂ ઘૂ ઘૂ કરતું મારી આસપાસ આંટા મારે, મારી બાજુની ખુરશી ઉપર ઉડીને બેસે... મારી સામે જૂએ...ઘૂ ઘૂ ઘૂ કરે... હું મારા લખવાના કામમાં વ્યસ્ત રહું... ધીમે ધીમે તેઓ આખા રૂમમાં ફરવા લાગ્યા કદાચ તેઓને મારામાં વિશ્વાસ બેસી ગયો હતો પછી તો તેઓ ઉડીની મારી બાજૂમાં પડેલી ટિપોય ઉપરના પુસ્તકો ઉપર આવીને બેસે અને મારા ચહેરાને વાંચે અને ઘૂ ઘૂ ઘૂ કરીને મારી સાથે વાતો પણ કરે અને પછી તેઓ અંદરના રૂમમાં જઈને અભેરાઈ ઉપર રાખેલા થેલા ઉપર બેસી જાય... ધોમ ધખતો ઉનાળો... સવારના આઠ વાગ્યાથી સાંજ સુધી મારા રૂમમાં તેઓ રહે..વરસાદના દિવસોમાં બહાર ગામ જવાનું હોય તો પણ મારે ઘરની એક બારી ખુલ્લી રાખવાની... ત્યાંથી તેઓ અંદર આવી શકે, એ બારી પાસે મારો સુવાનો પલંગ... કબૂતર બારી માંથી પ્રવેશી બિલકૂલ મારા ચહેરા પાસેથી પસાર થઈ મારા પલંગ ઉપર પણ પગ પાસે બેસે..મારી સામે જૂએ... હું સુઈ રહું... એ ઘૂ ઘૂ ઘૂ ઘૂ કરીને અભેરાઈ ઉપર જતા રહે... બન્ને કબૂતર પતિ પત્ની હતા કેમ કે ઘણી વખત તેઓ એકબીજાને પ્રેમ કરતા... મસ્તી કરતા... એક વખત સવાર સવારમાં ત્રીજુ કબૂતર અંદર આવેલું ત્યારે એમને ઝગડો પણ થયેલો... ધીમે ધીમે તેઓ બન્ને એક એક સળી ઘરમાં લાવવા માંડ્યા.. લગભગ પંદરેક દિવસ સળી લાવવાની ક્રિયા ચાલી, એક ઘર બનાવવા તેઓ કેટલી મહેનત કરે છે અને આપણે એક ક્ષણમાં આ ઘર વિંખી નાખીએ છીએ... આજે જ સવારે મને થયું કે લાવ હું એમનો માળો સરખો કરી આપું... અને જોયું તો એક સફેદ ઈંડું હતું એ સળીઓના ઘરમાં... થોડીવારે કબૂતર આવ્યું અને ઈંડું સેવવા લાગ્યું... મે બન્ને રૂમના પંખા બંધ કરી દીધા... થોડા દિવસો પછી એક નાનું કબૂતર એમાંથી બહાર આવશે... નવી દુનિયા જોશે... અને એ પણ ઘૂ ઘૂ ઘૂ કરશે...

શું સુચવે છે આ ઘટના ? પૃથ્વી ઉપર સૌથી ભોળું કબૂતર છે એનામાં કોઈ કપટ નથી..એ આપણા ઘરમાં આવે અને આપણે એને ઉડાડી મૂકીએ તો પણ એ ભૂલી જઈને ફરીથી આપણા ઘરમાં આવે છે. એ પણ માણસ ઉપર વિશ્વાસ રાખે છે અને આપણે ? વર્ષોથી લોહી સીંચીને, મહેનત કરીને, સ્વપ્નાઓ રોપીને ઘર બનાવીએ છીએ... નાના નાના કબૂતર જેવા બાળકો આવે છે અને છતાંય આપણે આપણી જીદ, અણસમજ, ગેરસમજ કે નાના મોટા કારણોસર ઘર તોડી નાખીએ છીએ. માળો વિંખી નાખીએ છીએ... એકબીજા ઉપર વિશ્વાસ રાખતા નથી. કબૂતરના માળાની એક એક સળીમાં વિશ્વાસ હોય છે, પ્રેમ હોય છે, સ્વપ્ન હોય છે એ આપણે ભૂલી જઈએ છીએ કેમ કે આપણે... માણસ છીએ ને ! કબૂતર થોડા છીએ ? કે કોઈ ઉપર વિશ્વાસ મૂકીએ?

મેં એ કબૂતરનો માળો સાચવ્યો છે હજી કબૂતર આવે છે... અત્યારે ઈંડું સેવાય છે કદાચ થોડા સમય પછી નાનું કબૂતર આવશે..... પછી ઉડી પણ જશે.... હું એ માળો એમ જ રહેવા દઈશ કેમ કે મને પણ કબૂતર પર વિશ્વાસ છે કે એ મારા ઘરમાં જ રહેશે...એનું ઘૂ ઘૂ ઘૂ ઘૂ મને હંમેશાં સંભળાવશે.. કેમ કે એ માણસ નથી... કબૂતર છે.

ગુરુવારે રાત્રે ૨.૩૦ કલાકે હું મારા રૂમમાં સુવા ગયો તો ચીં ચીં ચીં ચીં... અવાજ સંભળાયો, મને થયું કે એ ઈંડા માંથી બચ્ચા બહાર આવી ગયા. સવારે પલંગ ઉપર ચડીને જોયું તો બે બચ્ચા.. થોડી લાંબી ડોક, રતાશ પડતું પીંછા વિનાનું ખુલ્લું શરીર... બન્ને એકબીજાની સાથે ગેલ કરતા'તા... બાજુમાં એની મા હતી. એણે મારી સામે જોયું.. કોઈ પ્રતિભાવ ના આપ્યો. હું નીચે ઉતરી ગયો... લગભગ ૨૫ થી ૨૭ દિવસ સુધી ઈંડું સેવીને એણે બે બચ્ચાને જન્મ આપ્યો હતો... એ ૨૫/૨૭ દિવસનો હું સાક્ષી છું કે એ કબૂતર દિવસ-રાત ત્યાં જ રહ્યું છે... રાતે એ રૂમમાં હું લાઈટ કરું કે પંખો કરું કે કબાટ ખોલું છતાંય એ ત્યાં જ રહે... મેં એની બાજુમાં અને બાજુના કબાટ ઉપર વાટકો તથા થાળીમાં જાર ભરીને મ